## -: જાહેરનામુ :-

ફોજદારી કાર્યરીતી અધિનીયમ ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

ક્રમાંક :જી/ DCP/ ક્રાઈમ/ જાહેરનામું/૧૯૯૯/૨૧,
નાયબ પોલીસ કમિશ્નર ક્રાઈમ બ્રાન્ચની કચેરી,
વડોદરા શહેર. તા.૧૮/૧૧/૨૦૨૧

હુકમઃ-

વડોદરા શહેરની વર્તમાન પરિસ્થિતીને જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કાયદેસરના કામ કરનાર કોઈ વ્યકિતને થતી અડચણ, નુકશાન અથવા લોકોના જાન સ્વાસ્થ્ય કે સલામતીને થતુ જોખમ, તેમજ હાલની આતંકવાદી પ્રવૃતિને લક્ષમાં લેતાં, અને પ્રજાજનોની માલ મિલ્કતના રક્ષણ અર્થે વડોદરા શહેરમાં થતી વાહનચોરી, અછોડાચોરીને અટકાવવા સારૂ તેમજ ત્રાસવાદીઓની સંભવિત પ્રવૃત્તિઓને અટકાવવા સારૂ ગેરેજવાળા (જેમાં ફુટપાથ ઉપર બેસીને રીપેર કરનારથી માંડીને કોમર્શીયલ ગેરેજ તથા સર્વિસ સેન્ટર ધરાવનાર માલિકોનો સમાવેશ થાય છે.), વાહનોને તોડવાનું કામ કરનાર ભંગારીયાઓ (જેમાં નોંધણી થતાં તમામ વાહનોનો સમાવેશ થશે.), તેમજ વાહનોની લે-વેચ કરનાર તેમજ રેલ્વે ગુડસ ગોદામો, પ્રાઈવેટ ગુડસ ગોદામોના માલિકો તથા ઈન્ચાર્જશ્રીઓએ નીચે જણાવેલ કાર્યવાહી ફરજીયાત કરવાની રહેશે.

વાસ્તે હું ડો.શમશેર સિંઘ, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, વડોદરા શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે, અમોને મળેલી સત્તાની રૂએ, વડોદરા શહેરના પોલીસ કમિશ્નર વિસ્તારમાં નીચેની કાર્યવાહી ફરજીયાત કરાવવા ફરમાવું છુ.

### -: ફરજીયાત કરવાની કાર્યવાહી :-

(૧) કંપનીના ઓથોરાઈઝ ડીલર-સબ ડીલરે કોઈ પણ વાહનનું વેચાણ થાય તે વ્યકિતનું ID Proof મેળવવા ના રહેશે. જેની Hard Copy અથવા Soft Copy કંપની ડીલરોએ નાશ ન થાય તેની કાળજી લઈ રેકર્ડમાં રાખવાની રહેશે.

(૨) ગેરેજવાળા- (જેના ઉપર દર્શાવેલ બાબતોનો અર્થ સમજવો) એ કોઈપણ પ્રકારનું વાહન રીપેરીંગ કરાવવા માટે આવે ત્યારે નીચે દર્શાવેલ બાબતોની નોંધણી કરવાની રહેશે. અને આ રજીસ્ટર પોતાની પાસે નાશ ન થાય તે રીતે રેકર્ડ રૂપે જાળવવાનુ રહેશે. અને આ રજીસ્ટર ચેકિંગમાં આવનાર સક્ષમ પોલીસ અધિકારીશ્રી માંગણી કરે ત્યારે બતાવવાનુ રહેશે.

| અ.નં. | ગેરેજ / સર્વિસ સ્ટેશનનું નામ | વાહનનો પ્રકાર | રજીસ્ટ્રેશન નંબર | એન્જીન નંબર | ચેચીસ નંબર | વાહન માલિકનું નામ સરનામું | મોબાઈલ નંબર તથા ઓળખપત્ર નંબર |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| | | | | | | | |

(૩) વાહનનો તોડનાર(ભંગારીયા):-ભંગારનો ધંધો કરનારા કોઈપણ વાહનને તોડતા પહેલા RTO થી મેળવેલ NOC ની નકલ નજીકના પોલીસ સ્ટેશનને આપવાની રહેશે. જેમાં એન્જીન નંબર તથા ચેચીસ નંબર સ્પષ્ટ વંચાય તે રીતે ઉલ્લેખ હોવો જોઈએ. તોડવાના વાહનો માટે રેકર્ડ રૂપે જાળવવાનુ રહેશે. અને આ રજીસ્ટર ચેકિંગમાં આવનાર સક્ષમ પોલીસ અધિકારીશ્રી માંગણી કરે ત્યારે બતાવવાનુ રહેશે.

| અ.નં. | વાહનનો પ્રકાર | રજીસ્ટ્રેશન નંબર | એન્જીન નંબર | ચેચીસ નંબર | RTO મંજુરી પત્ર તારીખ હુકમ નંબર | વાહન માલિકનું નામ સરનામું નંબર |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | | | | | | |

ઉપરોકત જાહેરનામું અમલમાં આવેથી ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાંથી NOC મેળવવાની રહેશે.

### -: અપવાદ :-

આ જાહેરનામુ જે વ્યકિતઓ સરકારી અથવા અર્ધસરકારી નોકરી અથવા કામગીરીમાં હોય અને તેમને જેના ઉપરી અધિકારીઓએ આવા વાહન લઈ જવા ફરમાવ્યુ હોય અથવા વાહન લઈ જવાની જેની ફરજ હોય તેમને લાગુ પડશે નહી.

(પાછળ)

Scanned with CamScanner

**-: અમલવારી પિરિયડ :-**

આ હુકમનો અમલ તા.૨૦/૧૧/૨૦૨૧નાં ક.૦૦/૦૦ થી તા.૧૮/૧/૨૦૨૨ના ક.૨૪/૦૦ સુધી વડોદરા શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે. તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે, તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર પણ હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે, ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા.૧૮/૧૧/૨૦૨૧નાંરોજ મારી સહી સિકકો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર
સત્યમેવ જયતે
વડોદરા શહેર, વડોદરા

(ડો.શમશેર સિંઘ)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર,
વડોદરા.

પ્રતિ,
(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડ સ્પીકર દ્વારા જાહેરાત કરાવવા સારૂ..)
(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ.
(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઈન્ચાર્જશ્રી, જાણ તથા વર્તમાન પત્રો દ્વારા પ્રસિધ્ધી સારૂ.
(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ, તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

**<u>નકલ સવિનય રવાના</u> :-**

(૧) અધિક મુખ્ય સચીવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ માહનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુ.રા. ગાંધીનગર
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા. ગાંધીનગર
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, સુરત શહેર, રાજકોટ શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા.
(૬) સંયુકત પોલીસ કમિશ્નર શ્રી વડોદરા શહેર.
(૭) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા રૂરલ.
(૮) જીલ્લા કલેકટરશ્રી, વડોદરા.
(૯) મ્યુનીશીપલ કમિશ્નરશ્રી, વડોદરા મહાનગર સેવા સદન, વડોદરા શહેર.
(૧૦) નિયામકશ્રી, માહીતી ખાતું, ગુ.રા. ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકિલશ્રી, સેસન્સકોર્ટ, વડોદરા.
(૧૨) મેનેજરશ્રી ગર્વમેન્ટ, પ્રેસ,આનંદપુરા, કોઠી, વડોદરા શહેર.(ગેઝેટ ભાગ-૧,માં પ્રસિધ્ધ કરવા સારૂ.)
(૧૩) તમામ નાયબ પોલીસ કમિશ્નર તથા તમામ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી, વડોદરા શહેર.
(૧૪) આસી. કમિશ્નરશ્રી (ઈન્ટે.) વડોદરા રીઝીયન, વડોદરા.
(૧૫) કંટ્રોલ ઈન્ચાર્જશ્રી વડોદરા શહેર, (૨૦ નકલો)વર્તમાનપત્રો અને ન્યુઝ ચેનલોને આપવી.
(૧૬) રજીસ્ટ્રારશ્રી હાઈકોર્ટ ગુ.રા.સોલા રોડ, અમદાવાદ.
(૧૭) રજીસ્ટ્રારશ્રી ડીસ્ટ્રીક એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૧૮) રજીસ્ટ્રારશ્રી ચીફ જયુડીશ્યલ મેજી સા.શ્રી ચીફકોર્ટ, વડોદરા.
(૧૯) રજીસ્ટ્રારશ્રી એડીશનલ સેસન્સ જજ, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૨૦) એકઝીકયુટીવ મેજી. સા.શ્રી, વડોદરા શહેર.
(૨૧) એકઝીકયુટીવ મેજી. સા.શ્રી વડોદરા તાલુકા.
(૨૨) સંયુકત માહીતી નિયામક શ્રી વડોદરા (૧૦ નકલમાં)
સ્થાનીક વર્તમાનપત્રો આકાશવાણી, તથા દુરદર્શન કેન્દ્રમાં, પ્રસિધ્ધ કરવા અને વર્તમાન પત્રોની આપેલ જાહેરાતની નકલો મોકલવા સારૂ...

Scanned with CamScanner